
# MOTHER PABLA PROVINCE

AD MAJOREM DEI GLORIAM

## SNEH - SHANTI
## SEWASI

# પ્રાથમિક દસ્તાવેજ



## SAF

## સંત આન્ના પરિવાર

DOCUMENTO BASE FSA - GUJARATI

# સંત આન્ના પરિવારનો મૂળભૂત દસ્તાવેજ


૧. પ્રસ્તાવના

૨. સ્થાપના

૩. સંત આન્ના પરિવારની વ્યાખ્યા

૪. ઓળખના લક્ષણો

૫. પોતાપણાના માપદંડ

૬. ભાગીદારીના માર્ગો

૭. સમર્પણના સ્વરૂપો

૮. સંસ્થા/ સંગઠન

૮.૧ : માળખું

૮.૨ : જવાબદારીની વહેંચણી

૮.૩ : વહીવટના સિધ્ધાંતો

૮.૪ : સંબંધ અને સંચારની ચેનલો

૯. શબ્દસૂચિ

૧૦. સંક્ષિપ્ત રૂપરેખા

૧૧. ગ્રંથસૂચિ

## ૧. પ્રસ્તાવના

ઇશ્વરની હાકલને માન આપીને ફાધર જોન બોનાલ તથા મધર મારીઆ રાફોલ્સે અમુક બહેનો તથા ભાઇઓના એક ગ્રુપ સાથે પોતાની ભૂમિ છોડી, ૨૮ ડિસેમ્બર ઇ.સ. ૧૮૦૪ ના રોજ ઝારાગોસા મા પ્રવેશ કર્યો. અહી એક પ્રસિધ્ધ મંદિરમા 'અવર લેડી ઓફ પીલાર' આગળ પોતાના સંરક્ષણની માંગણી યાચતા પ્રેમ અને સમર્પણની ભાવના સાથે પોતાના મિશન ની સફળતા માટે પ્રાર્થના કરી. સીસ્ટર્સ ઓફ ચેરીટી ઓફ સેંટ એન મંડળનું અસ્તિત્વ અને તેના બીજ થકી સંત આન્ના ફેમીલીની રચના થઇ. આ છે આપણા સેફની મૂળ શરૂઆત.

આજે આપણી સંસ્થા ૨૦૦ વર્ષથી અલગ અલગ દેશોમા અને પ્રાંતોમા કામ કરે છે. એની મુસાફરીના અંતે જોઇએ તો સ્પષ્ટ થાય છે કે ઇશ્વરે અલગ- અલગ પ્રકારના લાકોને પણ આમંત્રણ આપ્યું અને આ બધા એક થઇ મંડળમાં એક પરિવાર બન્યો છે. મંડળનો મૂળ આશય કરિશ્મા જે પ્રેમ છે તે દ્વારા સર્વને આવકારતા પોતાને હરહંમેશ તત્પર રાખીએ



છીએ. પરિણામ રૂપે સાધ્વી બહેનો તથા સાંસારિક લોકો પોતાને મળેલી ભેટો તથા ધનિકતાની પરસ્પર આપ લે કરી શકે છે.

આપણા સૌની મધ્યે રહેલ સતત તેમજ નિકટતાનો સહકાર એક લાગણી સભર તેમજ અસરકારક તંતુ બનાવે છે. જે એક કરિશ્માઇ (પ્રભાવશાળી) પરિવારનું નિર્માણ કરે છે.

સિસ્ટર્સ ઓફ ચેરિટી ઓફ સેંટ એન એટલે સંત આન્ના મંડળે આજના સમય સંકેતો ને ધ્યાનમાં લઇ સૌપ્રથમ વાર સાંસારિક વ્યક્તિઓને અમારા ૨૬ મી સામાન્ય સભા ૨૦૦૭ માં આમંત્રણ આપી ભાગીદાર બનાવ્યા તે સાથે જ ભાગીદારીનો રસ્તો ખોલતાં 'સેફ' સંત આન્ના પરિવાર ની રચના કરવી એવો આખરી નિર્ણય લેવામા આવ્યો. અમારી એવી ઇચ્છા છે કે મારીયા રાફોલ્સ અને જોન બોનાલના મૂલ્યોને સંસારી લોકોના સહાકાર થી આ પરિવારને મોટો બનાવી તથા સિસ્ટરો ભેગા મળી સહકારથી સંત આન્નાનો મોટો પરિવાર બને. ૨૦૧૦ માં ૨૭ મી સામાન્ય સભામાં સેફ નુ બંધારણ રચવામા આવ્યું તે મુજબ અમે આ કરિશ્માઇ ભેટ કે જે આપણને મંડળમા એકરૂપ કરે છે

અને આ રીતે સેન્ટ એન પરિવારની રચના થાય છે. આ નોંધતા અમને આનંદ થાય છે કે અમને પવિત્ર આત્મા દોરે છે. જે લોકો મંડળથી પરિચિત થઇ અમારા સંબંધમા આવે છે તેમને અમે માર્ગદર્શન આપી પોતાનું તેડુ આ પરિવારમા ઓળખે અને તેમને સમાજલક્ષી સેવાકાર્યો તેમજ સૌથી વધારે જરૂરિયાતમંદ લોકો માટે સેવા કરવા આહ્વાન આપે છે.

## ૨) સંસ્થાપક :

પ્રભુ ઇસુને અનુસરી અને પવિત્ર આત્માથી પ્રેરાઇને અમારા સ્થાપકો ગરીબો તેમજ સૌથી જરૂરિયાતમંદ લોકો માટે શુભસંદેશ ફેલાવી તેમને અનુસરીને, અમારી પણ ઇચ્છા છે કે પરમેશ્વરનો દયાળુ ચહેરો તેમની ભિન્ન ભિન્ન પરિસ્થિતિમા અનુભવ કરી. આપણે બધા આ ઉપહાર જીવંત રહે તે માટે તેને સમયના વહેણ સાથે તેનો વિકાસ કરવા જવાબદાર છીએ. પ્રેમ એ અમારા કરિશ્મા નુ મુખ્ય કેન્દ્ર (હાર્દ) છે. તે ઇશ્વરની આતિથ્યતાનું પ્રતિબિંબ છે. કારણ ઇશ્વરે આપણને સૌથી પહેલા ચાહ્યા, અને આ



પ્રેમના કારણે તેમના એક માત્ર પુત્ર પ્રભુ ઇસુને જગતમા મોકલીને તેમનો પ્રેમ પ્રગટ કર્યો.

શું આવશ્યક છે ? પ્રભુ પિતા થકી મળેલો પ્રેમ, જે પડોશી પ્રેમમાં પરિવર્તિત થવો જોઇએ. અમારા સ્થાપકો અને અગાઉના પ્રથમ સીસ્ટરોએ પિતાનો પ્રેમ એવી રીતે અભિવ્યક્ત કર્યો કે જ્યાં બધા એક કુટુંબ તરીકે ભેગા થાય અને કોઇ પણ બાકાત ના રહી જાય (Const – 62)

સંત આન્ના ફેમીલી એ ઇશ્વરના સંતાનોનો પરિવાર છે જેના કેન્દ્રમા પ્રભુ ઇસુ છે. અને તેઓ બધા પ્રેમને કારણે સેવા કરવા તત્પર હોય છે.

પવિત્ર જીવન થકી એ શોધવામા આવ્યુ છે કે જેઓ ને આ પ્રભાવશાળી ભેટ મળી છે તેનુ સંકલન કરી એક પ્રભાવશાળી કુટુંબ ની રચના કરવી. ઘણી સંસ્થાઓ નિર્ણય પર આવ્યા છે કે પોતાને મળેલી ભેટની સામાન્ય સંસારી સાથે વહેંચણી કરવી.

સમર્પિત લોકો અને સાંસારિક લોકોના ઇતિહાસમા એક "આશા સભર" નવુ પ્રકરણ શરૂ થયેલ છે. (V.C. 54)

### ૩) વ્યાખ્યા :

આપણા સ્થાપકો મારીયા રાફોલ્સ અને જોન બોનાલની આત્મીય પ્રેરણા અનુસાર સંત આન્ના ફેમીલી ના તમામ સભ્યો પોતાને ઇશ્વર તરફથી મળેલ તમામ દાન તથા ભેટો, ઇશ્વરીય તેડું અને તેમના પ્રેમને એકબીજા સાથે વહેંચી ઇશ્વરના પ્રેમના સાક્ષી બનીએ.

આ એક વિસ્તૃત પરિવાર છે. જેમાં દરેક જાતિ,ધર્મ,જ્ઞાતિ તેમજ સામાજીક દરજ્જો વગેરેના લોકો કોઇપણ જાતના ભેદભાવ વગર પોતાની રાજી ખુશીથી તેમજ સંસ્થાના નિયમોનું પાલન કરવા માગતા હોય તે તમામ જોડાઇ શકે છે. આ પરિવારમા મુખ્ય ચાર મુદ્દાઓ છે.

૧) પ્રાર્થના
૨) ભાઇચારો (બંન્ધુત્વ)
૩) બંધારણીય નિયમો
૪) સંસ્થા પ્રત્યે સદંતર શરણાગતિ



### ૪) ઓળખના ચિહ્નો :

સંત આન્ના ફેમીલી ના તમામ સભ્યો મંડળની ઓળખ પ્રમાણે જીવે.

- ✓ જેઓ નાઝરેથના ઇસુના વ્યકિતત્વથી પ્રભાવિત થયેલા હોય અને તેમની પ્રબળ ઇચ્છા હોય કે એક ભાઇચારાની સંપીલી દુનિયા બને.
- ✓ જે ઇશ્વરની વાણી અને પ્રાર્થનાથી આધ્યાત્મિક પોષણ મેળવતા હોય.
- ✓ જે બીજાની જરૂરિયાતમાં હાજર રહે તથા તેની મદદ કરી સેવા કરે, જે નમ્ર અને સાદગીપૂર્ણ જીવન જીવતો હોય અને હંમેશા પ્રસન્ન ચિતના હોય.
- ✓ આ સભ્યો જવાબદાર તથા દયાથી ભરપૂર, સેવા કરવાનુ વલણ ધરાવતા હોય.
- ✓ જરૂરિયાતમંદ લોકોની મદદમાં સમર્પિત તથા તેમની

પરિસ્થિતિમાં સુધારો લાવવા તત્પર હોય.

✓ તેમનાંમા સમુહ સાથે રહી સંપથી કામ કરવાનો ઉત્સાહ હોય.

✓ તેમનાંમા પારિવારિક ભાઇચારાની તથા સંપની લાગણી હોવી જોઇએ.

✓ જેઓ માનુષી, આધ્યાત્મિક તથા મંડળ વિશે જાણકારી લેવા તૈયાર હોય.

✓ જેઓનુ જીવન સમર્પિત તથા બીજાની સેવા પુરા ખંતથી તેમજ પ્રેમથી કરવા તૈયાર હોય.

✓ જેઓ તેમના તેડા પ્રમાણે સંસ્થાની આધ્યાત્મિકતા જીવતા હોય.

✓ સંસ્થાના સર્વ પ્રેમના કરિશ્માંથી સજ્જ થઇ સમાજના સૌથી ગરીબ તેમજ છેવાડાના લોકોની ગમે તે ભોગે સેવા કરવા તૈયાર હોય.



## ૫) પોતાના પણાનાં સિધ્ધાંતો :-

- પોતાનો સ્વાર્થ શોધ્યા વિના સ્વૈછિક પસંદગી
- પુરા દિલથી તથા મનથી સેફ સાથે જોડાણ
- સેફના બીજા સભ્યો સાથે પુરા સહકાર તથા સંપથી મંડળના ઉપહાર થકી મળેલ મિશનમાં સક્રિય બનવું.
- ધીરે ધીરે સમય જતા સેફના સભ્યો એ મંડળની ઓળખને પોતાની બનાવવી.
- સંત આન્ના પરિવારના સભ્યોએ આ પરિવારની કોઇપણ કમ્યુનિટીમા, મંડળમા કે ગમે ત્યાં, તેના નામે ચાલતા કાર્યક્રમોમાં ભાગ લેવો.
- જ્યારે સેફના બધા જ સભ્યો પરિવાર દ્ધારા યોજીત કાર્યક્રમમાં પુરી રીતથી ભાગ લે ત્યારે તેઓ વિકાસના માર્ગે આગળ વધે છે અને આ રીતે તેઓ સ્વૈચ્છિકપણે પરિવારના સાચા સભ્યો બને છે.
- એવા પણ લોકો છે કે જેઓનો સબંધ એક સ્ટાફ તરીકેનો, મંડળના કે એસોસિયેશનના સભ્ય તરીકેનો અથવા જેઓ સ્વંયસેવક તરીકે

સ્પોન્શરશીપ પ્રોગ્રામમાં સહકાર આપે છે અથવા જોન બોનાલ ફાઉન્ડેશનના પ્રોજેકટમા સક્રિય ભાગ લે છે. વગેરે.... પણ આ બધા લોકોએ સ્વૈછિકપણે મંડળના કરિશ્માને (Charism) વર્યા નથી કે પસંદગી કરી નથી. આવા લોકોને સંત આન્ના પરિવારના સભ્યો તરીકે ઓળખવામા આવતા નથી પરંતુ જો તેઓ સ્વૈછિકપણે કરિશ્માને વરીને પરિવારના સભ્ય બનવા ઇચ્છતા હોય તો તેઓ જરૂર બની શકે છે.

## ૬) ભાગીદારીના માર્ગો :-

સેફના સભ્યો નીચે દર્શાવેલ પ્રવૃતિમાં ભાગ લઇ શકે છે જે ચાર સ્તંભ સાથે જોડાયેલ છે. પ્રાર્થના, બંધારણ, (રચનાત્મક કાર્યો), બંધુત્વની ભાવના અને પ્રતિબધ્ધતા. આ ધ્દ્વારા આપણે ભાગીદારી મેળવી શકાય.



## પ્રાર્થના

- પ્રભુની વાણીમા ઊંડે ઉતરવું.
- રિટ્રટ અને મૌન દિવસો
- પરમપૂજા ની ઉજવણી, આરાધના, જાહેર ઉપાસના
- આગમન ઋતુ, નાતાલ ઋતુ, તપઋતુ, પાસ્આઋતુ અને પવિત્ર આત્માનુ પર્વ આ બધી ઋતુઓમાં વિશેષ મળવું.
- વિશ્વવ્યાપી અથવા આંતર ધાર્મીય મીટીંગ.

## બંધારણ (રચનાત્મક કાર્યો)

- ધાર્મિક, આત્મિક, બાઇબલ આધારિત, પાસ્ટરલ અને મંડળને આધારિત મીટીંગમા હાજર રહેવુ.
- મંડળની બંધારણીય પ્રક્રિયામા સમન્વય.
- બંધારણના મુદ્દાઓનો વધારે વિસ્તારપૂર્વક અભ્યાસ કરવો.

## બંધુત્વની ભાવના

- સ્થાનિક, પ્રાંતિય, રાષ્ટ્રીય, આંતરાષ્ટ્રીય સ્તરે મીટીંગ.
- મંડળના તહેવારોની ઉજવણી
- અન્ય ધર્મના તહેવારો, પરંપરાઓ અને વિધિઓમાં ભાગ લેવો.
- વિશ્વવ્યાપી અથવા આતર ધાર્મીય મીટીંગ.
- વર્કશોપ
- સ્વૈચ્છિક પ્રવૃતિઓ
- યુવા શિબિરો
- નીતિ શિક્ષણને લગતી પ્રવૃતિઓ.
- મનોરંજન કાર્યક્રમો
- પિકનીક કે જેના ધ્વારા એકબીજા સાથે ઓળખાણ અને સંબંધ ઘડાય.
- ભૂતપૂર્વ વિધાર્થીઓ સાથે મીટીંગ
- સેફને લગતા ચિહ્નોને બઢતી જેમ કે ટી-શર્ટ, બેગ, લોગો, કિચેઇન, મુંગટ, બેજ, એન્થમ વગેરે.



## પ્રતિબધ્ધતા

- મિશનરી કેમ્પ
- સમર કેમ્પ
- સ્વૈછિક પ્રવૃતિઓ
- સેંટ એન મીશનરી સ્વયંસેવા
- જોન બોનાલ ફાઉન્ડેશન સાથે સહયોગ
- એકતા પ્રવૃતિઓ
- વ્યાવસાયિક પ્રવૃતિઓ
- સામાજીક પ્રવૃતિઓ
- જરૂરિયાતમંદ માટે કામ કરતી સંસ્થાઓ સાથે સંકલન
- સ્ત્રી સશકિતકરણ તેમજ પ્રોત્સાહન
- આરોગ્યલક્ષી પ્રવૃતિઓ
- ઘરની મુલાકાત, વિશેષ કરીને જેઓ મુશ્કેલીમા હોય, સેફના સભ્યો હોય અને જેનુ કોઇ ના હોય
- પર્યાવરણને લગતી પ્રવૃતિઓ

સેફના અમુક સભ્યો કોઇ પ્રવૃતિમા ભાગ લઇ શકે છે. જેમ કે બાળકોઅને યુવાઓની સહાય. દરેક વ્યકિત પહેલાના કોઇપણ સ્તરમા ગયા વિના ગમે તે સ્તરમા જોડાઇ શકે છે.

## ૭) સમર્પણના માર્ગો :-

અલગ અલગ પ્રકારે સેક્રના સભ્યો પોતાની ભાગીદારી તેમજ પ્રભાવશાળી પ્રતિબધ્ધતા નિભાવી શકે છે.

- **સેક્ર- લે** :- સંત આન્ના મંડળ સાથે જોડાયેલ કોઇપણ વ્યકિત મંડળના હેતુ ને આધીન રહે છે. અને પોતાની ઈચ્છાથી સેક્રની પ્રવૃતિમાં ભાગ લે છે.
- **સેક્ર ગૃપ** : અમુક વ્યકિતઓનું જૂથ જેઓ મંડળના ધ્યેય (મિશન) સાથે જોડાઇને અમુક સમયાંતરે પ્રાર્થના તેમજ પ્રતિબધ્ધતા માટે મળે છે અને સમાન મિશન માટે કાર્ય કરે છે.
- **સામાન્ય સંસારી સમુદાયો (ધર્મજનો)** : એક સ્થિર જુથ જેઓ મંડળના ધ્યેય સાથે જોડાયેલા છ.સહભાગીદારીના આ કાર્યમા તેઓ અમુક સમયાંતરે ભેગા મળીને સમીક્ષા કરતા હોય છે.

  **( આ ગ્રુપમા એકબીજાની સાથે રહેવાની કે સાધનસામગ્રીની આપ લે ની જરૂરિયાત હોતી નથી)**



- આ કોમ્યુનિટીના સભ્યો પાસે નીચે મુજબ હોવુ જરૂરી છે.
  - ➢ પ્રભાવશાળી કડીઓ
  - ➢ પ્રભાવશાળી અને કાનૂની કડીઓ
  - ➢ સેક્ર કોમ્યુનિટી સંત આન્ના મંડળને પોતાનું બંધારણ છે. પરસ્પર સહકાર અને પ્રભાવશાળી સંબંધ ધ્વારા સેક્રમા પ્રભાવશાળી પ્રતિબધ્ધતાનું એક નવા સ્વરૂપમાં નિર્માણ કરવુ જે મંડળની સતા ધ્વારા મંજૂર કરેલુ હોવુ જરૂરી છે.

## ૮) સંસ્થા/ સંગઠન :

### ૮.૧ : માળખું

**૧) સ્થાનિક સ્તરે**

- ❖ છ કરતા વધારે સભ્યો હોય ત્યારે
- ❖ સંયોજકો – એક સિસ્ટર, એક સાંસારિક માણસ

❖ સેક્રેટરી

❖ ખજાનચી

**છ કરતા ઓછા હોય ત્યારે**

❖ બધી કામગીરી સિસ્ટર ઇન્ચાર્જ ધ્વારા કરવામા આવશે અને સિસ્ટર ના હોય તો કોઇ એક સેફ મેમ્બર જેને ચૂંટવામા આવે તે કામગીરી કરશે.

પ્રોવિન્શયલ સ્તરે ઉપરના કિસ્સામા કોઇ પણ સિસ્ટર જોડાઇ શકે તેમ ન હોય તો સિસ્ટર અથવા કોઇ જવાબદાર વ્યકિતની આ કામ માટે નિમણૂંક કરવી.

**૨) પ્રાંતીય સ્તરે**

❖ સિસ્ટર પ્રોવિન્શયલ / પ્રતિનિધિ

❖ સેફ કાઉન્સીલર

❖ મિશ્ર પ્રોવિન્શયલ ટીમ (સિસ્ટર્સ અને સાંસારિક લોકો), સંયોજક, સેક્રેટરી અને ખજાનચી



❖ પ્રાંતીય સ્તરે દરેક પ્રાંતના ટીમમા સામેલ થતી વ્યકિતઓનો આધાર પ્રાંતની વાસ્તવિકતા પર આધાર રાખે છે

(જનરલ સ્તરે તેની રચના રાજય, ઝોન, પ્રાંત, દેશ કે આયલેન્ડ પ્રમાણે તેમના પ્રતિનિધિઓ ધ્વારા થશે)

**૩) ખંડ સ્તરે**

❖ સેફ ના જનરલ કાઉન્સીલર જવાબદાર

❖ દરેક પ્રાંતના કે પ્રતિનિધિ મંડળના સેફ

❖ કાઉન્સીલર જવાબદાર

❖ દરેક પ્રાંતના સંયોજક

**૪) જનરલ સ્તરે**

❖ જનરલ સુપિરિયર

❖ સેફના જનરલ કાઉન્સીલર જવાબદાર

❖ પ્રાંતીય સ્તરે સેફના કાઉન્સીલર જવાબદાર

❖ પ્રાંતીય સ્તરે લે સંયોજક પોતાના ખંડ તેમજ અન્ય ખંડ સાથે કામગીરી કરશે.

## ૮.૨ : જવાબદારીની વહેંચણી :

જવાબદારીની વહેંચણી નીચે મુજબ રહેશે.

**કો – ઓર્ડિનેટર** : (ટીમ સાથે અને વિવિધ સ્તરોએ જનરલ/પ્રોવિન્શયલ)

❖ જેમા મંડળના ચાર પિલાર( પ્રાર્થના – રચના – પ્રતિબધ્ધતા – બંધુત્વ) ને સંબધિત પ્રવુતિઆનો સમાવેશ થતો હોઇ તેનુ વાર્ષિક આયોજન કરવું.

❖ સેફની પ્રત્યેક પ્રવૃતિઓની તૈયારી તેમજ જવાબદારી સાથે સહભાગી થવું.

❖ ગ્રુપના આયોજન તેમજ કાર્યોનું મુલ્યાંકન કરવું.



❖ મીટીંગ માટે આયોજન કરવું.

❖ ભંડોળ ઊભુ કરવા નવી નવી તક અપનાવવી.

❖ અન્ય ગ્રુપ કે જૂથના પ્રતિનિધિને મળવુ.

❖ પોતાના જૂથની મહત્વની બાબતોમાં પ્રતિનિધિત્વ કરવું.

❖ વોટ્સ એપ ગ્રુપ, બ્લોગ્સ અને સામજિક નેટવર્કિંગ પ્રોફાઇલ્સની ઉપયોગ સેફ ને જોડવા કરવો.

❖ સ્થાનિક તેમજ પ્રાંતિય સ્તરે સેફના જનરલ કાઉન્સીલર સાથે સંદેશા વ્યવહાર જાળવવો.

**સેક્રેટરી** :

❖ મિનિટસની નોંધ રાખવી તેમજ સુધારે કરવો.

❖ આંતરિક તેમજ બાહ્ય સ્તરે સેફના અન્ય ગ્રુપના સભ્યો સાથે વાતચીત કરશે.

❖ ગ્રુપના સભ્યોની તમામ માહિતી સાથેનુ રજીસ્ટર નિભાવશે.

❖ પ્રવૃતિનું નામ, તારીખ, થીમ અને ભાગ લેનારની સંખ્યાના ઉલ્લેખ સાથ દરેક પ્રસંગનીય કાલક્રમાનુંસાર વૃતાંત તૈયાર કરશે.

**ખજાનચી :**

❖ ગ્રુપની સાધનસામગ્રી સંભાળી વર્ષમાં એક વખત તેને હિસાબ બતાવી તેનું આર્થિક સંતુલન બતાવશે.

❖ સભ્યોની સ્વૈચ્છિક તેમજ વિવિધ પ્રવૃતિઓ ધ્વારા મેળવવામા આવતું ભંડોળ એકત્ર કરવા તેમજ તેમા વધારો કરવા પ્રયત્ન કરશે.

❖ પ્રાંતિય સ્તરે જૂથ કે તે સિવાય બેંક એકાઉન્ટમાં જમા કરાવી સંયુકત રીતે સંચાલન કરવું.

❖ ગ્રુપના સભ્યો ધ્વારા તેને ચૂંટણી ધ્વારા વરણી કરવામા આવે છે.



જેની સમયમર્યાદા ૩ વર્ષની હોય છે.

❖ ચોકકસ કામ માટે વિવિધ સ્તરે કમિશન નીમવામા આવશે જેમા ગ્રુપના કો- ઓર્ડિનેટર જ નહિ પરંતુ ગ્રુપના કોઇપણ ચૂંટાયેલ સભ્યને ચોક્કસ કામ માટે નીમવામા આવશે.

## ૮.૩ : વહીવટના સિધ્ધાંતો :

❖ મંડળના જુથો સાથે એકરૂપ થવા પ્રયાસ કરશે.

❖ લે સમુદાયનો સમાવેશ કરતાં પહેલા તેમને પારખવાની પ્રક્રિયા અનુસરવી જરૂરી છે.

❖ મીટીંગ, ઉજવણી, બંધારણ, સભાઓ, પ્રાર્થના તેમજ અચાનક મેળાવડોમાં ભાગ લેવો.

❖ સેફ્ર ના વિકાસ માટે સભ્યોને જવાબદારીમાં ભાગીદાર બનાવવા જેથી કરીને સમયાંતરે તેઓ પોતાની જવાબદારી નિભાવે.

❖ O.L 119 & 140 મા દર્શાવ્યા મુજબ જનરલ તેમજ પ્રાંતિય સ્તરે ભાગ લેવો. એક અલગ દસ્તાવેજમાં ચૂંટણી પ્રક્રિયા સ્થાપિત હોવી જોઇએ

❖ પોતાના ક્ષેત્રમા આવતા ગ્રુપ સાથે સંકલન હોવું જોઇએ.

❖ જરૂરિયાતમંદ અને ગરીબો પ્રત્યે ઉદારદિલ તેમજ જવાબદારી માટે હંમેશા તૈયાર.

❖ ઇકો – ફ્રેન્ડલી જીવનશૈલી અપનાવે તેમજ માતૃભૂમિની સાધન સંપતિને આદર તેમજ કાળજી પૂર્વક ઉપયોગ કરવો.

## ૮.૪ : સંબંધ અને સંચારની ચેનલો :

અમે નીચે મુજબની ચેનલ ધ્વારા વાતચીત કરીએ છે.

❖ વ્યકતિગત મીટીંગ

❖ ગ્રુપ મીટીંગ

❖ જનરલ તેમજ પ્રાંતીય સ્તરે મેળાપ.



❖ પરિપત્રો

❖ વિવિધ ગ્રુપોના બ્લોગ્સ.

❖ સોશ્યલ નેટવર્કીંગ પ્રોફાઇલ

❖ સંસ્થાકીય વેબ પેજ

❖ ઇ – મેઇલ

❖ ફોન કોલ્સ, વોટસ એપ, એસ.એમ. એસ

## ૯. ગ્લોસરી :– પારિભાષિક કોષ

- **ચેરીટી** : અકારણ પ્રેમ – કેરીઝમ – પ્રેમ એ સંત આન્ના મંડળ માટે પ્રભુના પ્રેમમાં ભાગીદારી. ભગવાન તરફથી મળેલ ભેટ જેના ધ્વારા તેમના રાજયની ઘોષણા કરવી.

- **કમીટમેન્ટ** : બીજાને માટે સારા કાર્યો કરવાની સ્વૈચ્છિક જવાબદારી.
- **કમ્યુનિટીઃ (સમુદાય)** સ્વૈચ્છિક રીતે બનેલ સેફ ગ્રુપ

* **બંધારણ:** એક ધાર્મિક સંસ્થા જેમાં ખ્રિસ્તી જીવન જીવવા માટેના સુપ્રીમ નિયમો દર્શાવવામાં આવેલ છે.
* **ફોરમેશન** : પ્રવૃત્તિ, જ્ઞાન, વલણ અને અનુભવ જે વ્યકિતના જીવનમાં સારા પરિણામ લાવવામાં મદદરૂપ થાય છે.
* **જનરલ ચેપ્ટર** : જેમા મંડળના સિસ્ટરો ભેગા મળે છે. અને નિર્ણયો લેવાય છે. તે સામાન્ય કે અસામાન્ય હોય શકે છે. મંડળના પ્રતિનિધિઓનો સહકાર એ સૌથી મહત્વનું પાસુ છે. અમુક સેશનમા સેફના સભ્યો ભાગ લઇ શકે છે.
* **ફાઉન્ડેશન** : જે વિકાસના પંથે મદદરૂપ બને છે.
* **હોસ્પિટાલિટી (પરોણાગત)** : ભગવાન તરફથી મળેલ અનોખી ભેટ, જે પૂરા તન મનથી કાળજી લઇને સેવા સમર્પણની અભિગમ બતાવે છે.
* **ઓળખ** : પોતાની તેમજ તેમના ગૃપની ખાસિયત



* **જોન બોનાલ ફાઉન્ડેશન** : NGO જે સીસ્ટર્સ ઓફ ચેરિટી ઓફ સંત આન્ના મંડળ સાથે સંકળાયેલ હોય.
* **ધર્મજન (સામાન્ય સંસારી):** જે કોઇ પણ પ્રકારના ધાર્મિક વચનોથી બંધાયેલ ન હોય. કેથલિક ચર્ચમા તેમની હાકલ વિશ્વને પવિત્ર કરવામા ફાળો આપે છે. ખમીર ની જેમ પોતાની ખાસ ફરજો પરિપૂર્ણ કરીને.
* **મેડિકલ કેમ્પ** : આરોગ્ય તબિબીના નિષ્ણાંતો ધ્વારા સ્વૈચ્છિક સેવાઓ આપવી.
* **મિશન : (કાર્ય, હેતુ)** વ્યકિતનું કાર્ય અને જવાબદારી છે જે ઇવાન્જલાઇઝેશન કે માનવીય સેવાઓના પ્રોજેકટમાં ઉલ્લેખ કરે છે. અને સેફના સભ્યોને ભગવાનના પ્રેમનો અનુભવ કરાવીને આગળ ધપાવે છે.
* **મિશન કેમ્પ** ; સેફના સભ્યો ધ્વારા ગામ કે નાના ટાઉનમાં ઇવાન્જલાઇઝેશન ઓફ મિશન કેમ્પને ચોકકસ પ્રવૃતિઓ હાથ ધરે છે.
* **NEW POVERTIES:** ટેકનોલોજીના વિકાસથી જે લોકો, વૈશ્વિકીકરણ, સામાજીક

અસમાનતા, રાજકીય અને સાંસ્કૃતિક સંઘર્ષો, ધાર્મિક મૂળતત્વવાદ અને અન્ય સંબંધિત મુદ્દાઆને કારણે મુશ્કેલીઓ અને સંઘર્ષો અનુભવે છે.

- **PASTORAL APOSTOLATE:** ખ્રિસ્તી ધર્મસભાની સેવાઓ આ ત્રણ પાયા ઉપર છે.
- **ગરીબ:** દરેક વ્યકિત જે આર્થિક, બૌધ્ધિક, સામાજીક, શારીરિક, સ્નેહ અને કૌશલ્યથી વંચિત હોય.
- **પ્રાંતીય સ્તરે** મંડળના પ્રતિનિધિ બહેનો ભેગા મળીને ચેપ્ટરમા જે નિર્ણયો નક્કી કરે છે એ પછી પ્રોવિન્શયલ કે ડેલીગેશન નિમણૂંક કરવાના હોય કે કોઇ પણ પ્રકારના વ્યવહારને લગતી બાબત હોય. અમુક કિસ્સામાં સેફના સભ્યો ભાગ લઇ શકે છે.
- **સહભાગીદારી** : જે કાર્ય બંન્ને સીસ્ટર્સ તેમજ ધર્મજન ને ઓળખ આપે છે.
- **કાર્યો** : દરેક પ્રવૃતિઓ, કામ અથવા સેવાઓ એ અમારા મિશનની વાસ્તવિકતા છે.
- **હાકલ** : જીવનના ચોક્કસ સમયે ભગવાન તરફથી મળેલ ભેટ.



## 10. ABBREVIATIONS

**1Pet**: first letter of St. Peter

**Const:** Constitutions

**ChL**: Christifideles Laici (The Lay Faithful)

**JBF**: John Bonal Foundation

**LC**: Lay Communities

**OL:** Organization and Life (of the sisters)

**Ref**: Pls refer to.

**SAF**: Saint Anne Family

**SAMV**: Saint Anne Missionary Volunteers

**SCSA**: Sisters of Charity of Saint Anne

**VC:** Vita Consecrata (Consecrated life)

# 11. BIBLIGRAPHY


- The Holy Bible
- Lumen Gentium. Dogmatic Constitution on the Church, promulgated by His Holiness, Pope Paul VI on November 1964.
- Christifideles Laici: Post – synodal Apostolic Exhortation of the Holy Father John Paul II on the vocation and the Mission of the lay faithful in the church and in the world. December, 1988.
- Vita Consecrata: Post – synodal Apostolic Exhortation of the Holy Father John Paul II to the Bishops and clergy, Religious Orders and Congregations, Societies of Apostolic life, secular Institutes and all the faithful, on the Consecrated life and its mission in the Church and in the world. March, 1996.





- New ways of Hospitality; preparatory document for the General Chapter of 2007.
- Final Document of XXVI General Chapter, 2007.
- Constitutions and Organization and life of SCSA.2011
- Summary of Minutes of the XXVIII the General Chapter, 2013.
- Conclusions of the XXVIII General Chapter, 2013.